# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**પરિપત્રઃ-**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, B.Sc. અભ્યાસક્રમ સિવાયનાં તમામ સ્નાતક (UG) અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષઃ૨૦૨૧-૨૨ માટે વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટેની કાર્યવાહી કોલેજ કક્ષાએ ઓનલાઇન કરવાની રહેશે. પ્રવેશ માટેની કાર્યવાહી **તા.૦૭/૦૮/૨૦૨૧થી** શરૂ કરવાની રહેશે. ઓનલાઇન પ્રવેશ માટે પ્રત્યેક કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીને ગત વર્ષે આપેલ ઓનલાઇન પોર્ટલનાં યુઝર આઇડી તથા પાસવર્ડ યથાવત રહેશે. કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઇન પ્રવેશ માટેનું શેડ્યુલ નિયત કરવાનું રહેશે. **(૧) દરેક કોલેજોએ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. (૨) સરકારશ્રીના ધારાધોરણ મુજબ અનામત નિતીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. (૩) EWS કેટેગરીનું ૧૦% નું ધોરણ જાળવવાનું રહેશે. જે Supernumerary તરીકે લેવાની રહેશે. (૪) ઇન્ટેકની મર્યાદામાં પ્રવેશ આપવાનો રહેશે. (૫) કોલેજ લેવલે ઓનલાઇન એડમીશન કર્યા બાદ રોજબરોજ યુનિવર્સિટીના એડમીશન પોર્ટલ પર પ્રક્રિયા કરવાની રહેશે. (૬) કોલેજની પ્રવેશ તથા તે સંબંધિત માહિતી કોલેજની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાની રહેશે. (૭) એડમીશન પ્રક્રિયા વખતે સોશ્યલ ડીસ્ટન્સીંગ જળવાય તેની કાળજી લેવાની રહેશે. (૮) કોલેજમાં સેનીટાઇઝેશનની વ્યવસ્થા કરવાની રહેશે.** તમામ કોલેજો દ્વારા વિદ્યાર્થીઓની સમગ્ર પ્રવેશ પ્રક્રિયા **તા.૦૭/૦૯/૨૦૨૧** સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. **(તા.૦૫/૦૮/૨૦૨૧નો ઇન્ટેક બાબતનો પરિપત્ર)** ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

- **ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટઃ-** http://bknmuadm.icrp.in college registration and merit

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૯૮૨/૨૦૨૧-૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, તા.જી.જૂનાગઢ.
તા.૦૬/૦૮/૨૦૨૧

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

**નકલ સાદર રવાનાઃ-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ**
(૨) પરીક્ષા વિભાગ.
(૩) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.